# કાવ્યકોડિયાં

## વિપિન પરીખના કાવ્યો

લોકમિલાપ

http://aksharnaad.com

પ્રથમ ઈ-આવૃત્તિ

ફેબ્રુઆરી 2013

http://aksharnaad.com

# પ્રકાશકની નોંધ

નરસિંહ મહેતા પછીની ગુજરાતી કવિતાને પાંચસો વરસ થયાં. શ્રી નિરંજન ભગતે દસ કવિઓ લઇને તેમનાં કાવ્યો ચૂંટી આપ્યાં, તેની દસ ખીસાપોથીઓ કાવ્ય–કોડિયાંના પહેલા સંપુટ તરીકે પ્રકાશિત થઇ. આગોતરા ગ્રાહકોનો ઉષ્માભરેલો આવકાર તેને મળ્યો અને એકંદરે પચાસ હજાર કાવ્ય–પુસ્તિકાઓ થોડા દિવસમાં જ ખલાસ થઇ ગઇ. હવે આ બીજા સંપુટમાં અન્ય દસ કવિઓનાં ચૂંટેલા કાવ્યોનું સંપાદન શ્રી સુરેશ દલાલે કરી આપ્યું છે. જે કાવ્યને કવિએ શિર્ષક નથી આપેલું તેનો નિર્દેશ અનુક્રમમાં પ્રથમ પંકિતના આરંભના શબ્દો વડે કરેલો છે.

કવિતાને બહુજનભોગ્ય બનાવવાના એક અદના પ્રયાસ તરીકે આવા વિશેષ સંપુટો હવે પછી પ્રગટ કરવાની ઉમેદ છે.

**પ્રસ્તુત ઈ-પુસ્તક અક્ષરનાદ અર્પણ કરે છે**

**શ્રી વિશાલભાઈ મોણપરાને**

**જેમના દ્વારા વિકસાવાયેલ ફોન્ટ કન્વર્ટર વડે હવે અનેક ફોન્ટ માંથી યુનિકોડમાં કન્વર્ઝન શક્ય છે.**

# કાવ્યકોડિયાં સંપુટ 2

## વિપિન પરીખના ચૂંટેલા કાવ્યો

સંપાદક સુરેશ દલાલ
લોકમિલાપ ટ્રસ્ટ
આવૃત્તિ 1, માર્ચ 1981, નકલ 4000, દસ પુસ્તિકા સંપુટના રૂ. 15, વિદેશમાં પાઉન્ડ 2 (ટપાલ ખરચ સાથે)

પ્રકાશક
લોકમિલાપ ટ્રસ્ટ (સરદારનગર, ભાવનગર વતી) ગોપાલ મેઘાણી, મુદ્રક, સુરમ્ય, નવરંગપુરા પોલીસ સ્ટેશન પાછળ, અમદાવાદ 9

# પ્રસ્તાવના

*ઈ-પુસ્તક આજના સમયનું સૌથી હાથવગું માધ્યમ છે. સ્વ-પ્રકાશન દ્વારા અનેક અંગ્રેજી લેખકો અઢળક નાણાં કમાઈ રહ્યા છે અને એમેઝોન પરની સૌથી વધુ વેચાતા પુસ્તકોની યાદીમાં સ્વપ્રકાશન કરતા લેખકોના પુસ્તકો મોખરે છે જેની કિંમત $ 0.99 કે તેથી ઓછી છે. અનેક ગુજરાતી પુસ્તકોની ઈ-આવૃત્તિ કરીને, તેમને ટાઈપ, વ્યવસ્થિત ફોર્મેટ અને અન્ય મોબાઈલ સાધનોમાં વાંચી શકાય તે રીતે મૂકવાનો પ્રયત્ન ખૂબ સફળ રહ્યો છે એ વાતથી પ્રેરાઈને જ અનેક ઈ-પુસ્તકો સતત અક્ષરનાદ પર મૂકાતા રહ્યા છે. આવા પ્રયત્નને બળ આપતી શ્રી*

*વિશાલભાઈ મોણપરાની ફોન્ટ કન્વર્ટરની સગવડ પ્રસ્તુત ઈ-પુસ્તકમાં લગભગ છએક કાવ્યોને યુનિકોડ કરવા માટે વપરાઈ છે. લોકમિલાપના કાવ્યકોડિયાંની શ્રેણી અહીં ઈ-પુસ્તક તરીકે શરૂ થઈ રહી છે. આ વાતના પ્રેરણાસ્તોત્ર છે શ્રી મહેન્દ્રભાઈ મેઘાણી જેમણે અક્ષરનાદની ઈ-પુસ્તક પ્રવૃત્તિને ખૂબ સહાય કરી છે. આશા છે વાચકોને આ પ્રયત્ન ગમશે.*

*- જીજ્ઞેશ અધ્યારૂ (ફેબ્રુઆરી 2013)*

# અનુક્રમણિકા


પ્રકાશકની નોંધ........................................................................................ 2

પ્રસ્તાવના................................................................................................ 5

DISTANCE ........................................................................................... 15

બરફના સ્તર નીચે ................................................................................. 16

માધ્યમિક શાળામાં પૂછાયેલો પ્રશ્ન........................................................... 17

આશંકા .................................................................................................. 18

Insomnia................................................................................................ 19

ફોટોગ્રાફ ........................................................................................................ 21

અવકાશ વચ્ચે ................................................................................................ 26

જ્વાળામુખી .................................................................................................... 28

બે પથારીની વચ્ચે ......................................................................................... 30

લક્ષ્મણરેખા .................................................................................................... 32

વૃદ્ધાવસ્થા ...................................................................................................... 34

કાલે મળ્યો હોત તો... ...................................................................................... 37

અમર મરી ગયો ત્યારે .................................................................................... 39

ક્વિન્સ રોડ ........................................................ 41

એક અશક્ય વાત ........................................................ 43

કોરું આકાશ ........................................................ 46

એટલે.. ........................................................ 48

જોઈએ છે ........................................................ 49

છતાંયે ........................................................ 51

બેકારના ???? ........................................................ 54

એક ન રખાયેલા ઉઠમણાની જાહેરખબર ........................................................ 62

મૃત્યુ : એક કારકુનનું ........................................................................ 63

પરિપક્વતા ........................................................................ 66

લૉટરી ........................................................................ 68

નિરોધ ........................................................................ 70

એ લોકો અને હું ........................................................................ 72

ગાય ........................................................................ 73

તૂટી પડેલા મકાનને જોઈને ........................................................................ 76

1-2-71 ના ‘ટાઈમ’માં ફોટોગ્રાફ જોઈને ........................................................................ 78

(એ) કરાર ........................................ 80

મારા 131 નંબરના ફ્લેટમાંથી........................................ 82

સત્ય ........................................ 85

વિપર્યય........................................ 87

ત્યારથી........................................ 89

હાઈકુ ........................................ 90

પ્રાર્થના ........................................ 91

થતે કેવું સારું ? ........................................ 91

-       તો ........................................................................................ 92

કદાચ ........................................................................................ 93

અગ્નિદાહ ........................................................................................ 94

હવે ........................................................................................ 96

પૂછી બેસું છું ........................................................................................ 98

હાથમાં નથી........................................................................................ 99

ગ્રીષ્મનો મધ્યાહ્ન........................................................................................ 101

ત્યારે પણ........................................................................................ 104

જાણું છું ............................................................................................................. 105

ક્યાં હશે................................................................................................................ 108

વાસના ................................................................................................................ 110

ક્રાન્તિ..................................................................................................................... 112

અક્ષરનાદ ઈ-પુસ્તક વિભાગ ................................................................................ 116




http://aksharnaad.com

# DISTANCE

એક સાંજે

ટ્રેનના ચાલ્યા ગયા પછી

રેલ્વેના પાટા અરસપરસ પૂછતા હતા :

'બે માણસને એકબીજાથી દૂર જવા માટે કેટલું DISTANCE જોઈએ ?'

## બરફના સ્તર નીચે

બરફના સ્તર નીચે સૂતો રહી
આજે હવે જાગું.
ક્ષિતિજ સુધી વિસ્તરેલાં સફેદ રણ-
-ની ઉપરથી વહી આવે છે
લીલો પવન.
વૃક્ષ પર નવજાત શિશુની ત્વચાનું આવરણ
ને સૂર્યનાં કિરણો અને ટહુકા...
ને,

મને વિસ્મય ! હું કોણ જાણે
કેટલો લાંબો સમય સૂતો રહ્યો
મારા બરફ નીચે !

## માધ્યમિક શાળામાં પૂછાયેલો પ્રશ્ન

એક કવિતાના પુરસ્કારના જો પાંચ રૂપિયા આપવામાં આવે તો કવિએ મહિનાની કેટલી કવિતા લખવી જોઇએ જેથી એ પોતાના કુટુંબનું ભરણપોષણ કરી શકે?

## આશંકા

કાલે હું ક્યાં હોઈશ?
કાલબાદેવીની ફૂટપાથ પર વેચાતો હોઈશ પસ્તીના ભાવે
કે અવાવરૂ વાવનાં પગથીયાં પર પડ્યો હોઈશ,
અંધકારનું કબૂતર થઈને
વિદ્યાર્થીઓના પાઠ્ય-પુસ્તકમાં શાપિત થઈને જડાઈ રહીશ
વરસોવરસ કે કોઈના મૃદુલ કંઠેથી વહી જઈશ કોમલ સૂરે?
સમયનો પવન મને ભૂંસતો જશે
મોહન-જો-ડેરાની જેમ

કે

ઉભો રહીશ હું એમ ને એમ?

આવતી કાલનો કવિ

મારી સાથે હાથ મેળવશે?

## Insomnia

ઓશીકાને આશ્લેષમાં લઇ શોધેલો આધાર,

વાવાઝોડામાં વારેઘડીએ ખૂલી જતી

બારી જેવી પાંપણ,

ગ્રહણને દિવસે નીકળી પડેલાં ભિખારીનાં
ટોળાં જેવાં સ્વપ્નો
રોજની ભીંતોનો આખી રાત પાગલ બબડાટ
પંખાનો એકધારો કાળો કચવાટ...
વાત કરવા જેવા માણસો આપણી બાજુમાં–
સુખેથી સૂતેલા,
અને આપણી જ શય્યા ઉપર
અગ્નિની ચાદર.

# ફોટોગ્રાફ

વિપીનભાઇ,
ફોટોગ્રાફરે તમને ત્રણ ત્રણ વાર હસાવવાનો પ્રયત્ન કર્યો
તમે ન હસ્યા તે ન જ હસ્યા
આટલા બધા ગંભીર શા માટે રહેતા
હશો તમે, વિપીનભાઇ?
તમે માનો છો એટલું જીવન ઉદાસ નથી
જુઓ... આ બાળકો,આ રંગીન ફુગ્ગાઓ

તમે માનો છો એટલું જીવન ઉદાસ નથી

જુઓ... આ બાળકો, આ રંગીન ફુગ્ગાઓ,

ફૂલો... આ પ્રેમીઓ...

છતાં હરહંમેશ બધે તમને હિરોશીમા અને વિયેટનામના

ઉઝરડાયેલા ચહેરા જ શા માટે દેખાતા હશે?

અને હા,

તમને આમ ફોટા છપાવવા ખાસ તો ન'તા ગમતા...

'કવિતા'ની કેટલી કોપી છપાતી હશે?

એ બધામાં તમારો જ ફોટો?

you feel uncomfortable no ?

Sorry આવો અંગત સવાલ ન પૂછવો જોઇએ,

હશે, પણ એક વાત કહો –

પાઇપ ફીટીંગ્સ વેચતા વેચતા

આ ખોટના ધંધામાં કેવી રીતે પડ્યા ?

શોખ ?

ના... તો પણ,

વાણિયાનો દીકરો

લાભ વગર ખાસ..

નામ ? ચાર માણસ પૂછે,

આપણા વિપિનની કવિતા.. જોઈ.. ? હંઅ?

અને ક્યારેક ક્યારેક windfall ની જેમ

પારિતોષિક પણ મળી જાય, નહીં?

પણ તમે તો કહેતા હતા ને

આ પારિતોષિકોથી

કવિતાને મૂલવવાનું તમને ઠીક નથી લાગતું !

છતાં તમને જો અર્પણ થાય તો

તમે નમ્રતાથી સ્વીકારી લો ખરા, નહીં?

હું ભૂલતો ન હોઉં તો તમને સંમેલનો ખાસ પસંદ નથી,

તમે કહેતા કે લોકોને રીઝવવા

બહુ નીચે ઉતરવું પડે છે,

શરૂશરૂમાં તો માઈક પણ તમને ધ્રૂજતું લાગેલું

ને સ્ટેજ છોડી ભાગી જવાનું મન પણ થયેલું

કોણે તમને તે દિવસે

પકડીને બેસાડી રાખ્યા હતા સ્ટેજ ઉપર ?

પણ પછી,

આ તાળીઓના ગડગડાટની પણ એક આદત

એ કોફીના કપ જેટલી જ ઉત્તેજક હશે ખરી, વિપિનભાઈ ?

પણ મેં સાંભળ્યું છે

તમે કોફી છોડી દીધી છે – સાચી વાત ?

# અવકાશ વચ્ચે

હું આજે એ જ તટ ઉપર છું
જ્યાં દરિયાનાં મોજાંની જમ આપણે પણ
ઉછળ્યાં હતાં.
રેતીમાં રજોટ્યાં હતાં તન
ફૂલોની સૌરભથી ચૂમ્યા હતા હોઠ
તારાઓને લઈને ગૂંથેલું નામ
તારી છુટ્ટી લટમાં મહેકતું હતું
થઈ મારું મન !

બે છીપની વચ્ચે
પૂરી દીધો હતો સમય
પળના કાળમીંઢ ખડકોથી ઘેરાયેલો
હું
આજે એ તટ ઉપર
તણાઈ ગયેલા સમયને ઝડપવા માટે
જાળ નાખીને બેઠો છું
ને તારાઓના અવકાશ વચ્ચે શોધ્યા કરું છું
તારું નામ

## જ્વાળામુખી

અગ્નિની સાખે કહ્યું હતું :
તારા સિવાય હવે મને કોઇ નહીં,
કદી નહીં, કોઇ નહીં.
કહ્યું હતું :
‘આપણા તો દેહ જ અલગ અલગ
આપણે તો સદાકાળ સાથે સાથે…’
અને આપણું એ સ્વપ્ન…
એક પુત્ર.. પુત્ર ડૉકટર થશે… !

એક પુત્રી.. ગુલાબનું તાજું ફૂલ થઈ મહેકશે !

એ આપણી જ હથેળી હતી

જેને સમયના ડંકા સાંભળવા નહોતા ગમતા ?

આ શું સાચું છે

આપણે એકમેકને પ્રેમ કરતાં હતાં ?

હવે

પુત્ર કોની સાથે જશે ?

પુત્રી કોની સાથે જશે ?

# બે પથારીની વચ્ચે

એણે પપ્પા સામે જોયું
ને હસ્યો
પપ્પાએ આંખ લાલ કરી
ભવા ઉંચા કર્યાં
પણ
જરા જેટલું હસ્યા નહીં.

એણે મમ્મી સામે જોયું

ને હસ્યો

મમ્મી જરા પણ હસી નહીં

પણ અચાનક

એની આંખ આંસુથી ઘેરાઈ ગઈ.

એને કશું જ સમજાયું નહીં

બે પથારી વચ્ચે

એ

એકલો સૂઈ ગયો.

## લક્ષ્મણરેખા

મમ્મી રોજ સવારે ઑફિસે જાય છે.
મમ્મી રોજ સવારે ઉતાવળમાં હોય છે.
મમ્મી જતી વખતે મને ખૂબ વ્હાલ કરે છે.
બકી ભરી મને કહે છે :
મારો ડાહ્યો દીકરો છે ને ! તોફાન નહીં કરતો.
યમુનાબાઇને પજવતો નહીં,
અને મને એક ચૉકલેટ આપે છે.

હું યમુનાને પજવતો નથી.

બાઇ મને વાર્તા કહે છે :

વાંદરાની, હનુમાનની,

રાક્ષસની, રામની, રાવણની, સીતાની...

સાંજે મમ્મી ખૂબ થાકીને ઘરે આવે છે.

મને પાછું વ્હાલ કરે છે.

કહે છે : ‘કેટલો મીઠ્ઠો છે મારો દીકરો’

અને વળી પર્સમાંથી એક ચૉકલેટ આપે છે.

હું એને પૂછું છું :

રાવણ સીતાને શા માટે ઉપાડી જાય છે,

મમ્મી ?

મમ્મી કહે :

‘હું ખૂબ થાકી ગઇ છું આજે.

રવિવારે તને રાવણની વાત કહીશ.’

## વૃદ્ધાવસ્થા

ઝાંખા થતા ચહેરાઓની નજીક લાવી હથેળીથી પામવાના.

હોઠોના ફફડાટથી લય પામી ગીતોને માણવાનાં.

મન મૂકીને કરેલી વાતોને લવારો ગણે તે પહેલા
સ્નેહીઓને આપણા ભારથી હળવા રાખવાના.
ચાર દીવાલોમાં આકાશ પામી
ખોડંગાતા ખોડંગાતા ફરસ ઉપર
વગડા ખૂંદ્યાનો આનંદ લૂંટવાનો.
મિત્રોના પીળા પડી ગયેલા ફોટાના આલબમને
ધ્રૂજતે હાથે લઈ - પાછા મૂકી દેવાના
સ્મૃતિના ભંડારમાં સાચવી રાખેલું ખોબોક જળ
ટીપે ટીપે - ફરી ફરી પી

ફરી ફરી પી

સમયને બહેલાવવાનો.

ખોબોક જળ...

વૈતરણી નદી...

## કાલે મળ્યો હોત તો...

હું તમને કાલે મળ્યો હોત તો –
તો કહેત :
‘કાળમીંઢ પથ્થર કોરીને પણ ફૂટે છે ઝરણ,
ને અફાટ રણને તીર ઊગી નીકળે છે
લીલોતરી પણ.’
વાદળને ખભે બેસીને તમને બતાવત
સમાજ નામનો નાનકડો પ્રદેશ.

કલંક જેમણે જાણ્યું નથી

અને સામે ચાલીને જીવનનો અંત જેમણે આણ્યો નથી

એ પંખીના કંઠેથી સંભળાવત તમને

અકારણે છલકાઈ જતી ગીતની કડી

કમળની પાંદડી પર

સૂર્યના સુંવાળા સ્મિતની લિપિ ઉકેલવાનો

આનંદ તમને આપત

તમે મને કાલે મળ્યા હોત -

તો કહેત :

’નાનકડા શિશુની આંખો ખૂબ જ નિર્દોષ હોય છે !’

# અમર મરી ગયો ત્યારે

આકાશ ઉદાસ થયું નહીં.
ધ્રુસકે ધ્રુસકે રડવા માટે
તારાઓના ઘોંઘાટથી દૂર
ચંદ્રએ એકાદ પળ એકાંત ખૂણો પાળ્યો નહીં.
પડોશીએ રેડિયોનું વોલ્યૂમ
ધીમું કર્યું નહીં.
કંપનીએ લેટરહેડને ચારે બાજુ

કાળી લીટીથી બાંધી દીધો નહીં.

શેરબજારના સોદાઓએ એક મિનિટનું મૌન પાળ્યું નહીં,

અને

એક દિવસના સવારના છાપામાં

અનેક પત્રોના અંગત જવાબ આપી શકવાની પોતાની અશક્તિ

કુટુંબીજનોએ જાહેરખબરમાં છપાવી દીધી,

અમર મરી ગયો ત્યારે –

# ક્વિન્સ રોડ

આમ તો મૃત્યુના વિચાર કરવા  મને ગમતા નથી –
નપુંસક અને સાવ કાળા
એટલે જ
ક્વિન્સ રોડ પરથી રોજ સવારે
સડસડાટ ગાડી ગગડાવી જાઉં છું,
થંભ્યા વિના
પણ ક્યારેક ક્યારેક

સ્મશાનની ઉંચી દિવાલો કૂદીને પણ

ધુમાડો છેક રસ્તા ઉપર પથરાઈ જાય છે

ક્ષણભર થાય છે,

કોણ આ શહેરની માયા છોડીને આજે ચાલી ગયું હશે ?

કોઈ વૃદ્ધ ?

કોઈની સ્નેહાળ પત્ની ?

કોઈની લાડકોડથી ઉછરેલી એકની એક દીકરી ?

આવતી કાલે કદાચ...

પણ દિવસને આમ ઉદાસ કરવો મને ગમતો નથી.

સૂરજ કોઈની વાટ જોતો નથી
અને હું ગાડી સડસડાટ...

## એક અશક્ય વાત

એક દિવસ
આપણે આ શહેરને છોડી ચાલ્યા જઈશું,
ગામમાં આપણું એક ઘર હશે
કૂકડાના સ્વરે ચિરાઈ જશે અંધકારનો પટ.

તેજના કિરણ પગલાં મૂકશે આંગણામાં હળવે હળવે

વાડામાં ભાંભરતી ગાયોનાં નામ હશે : નીલમણિ અને નંદિની.

તું

તુલસીના ક્યારામાં જળ સીંચી

સૌભાગ્યને ઉજ્જવળ કરતી હશે સવારે

બહાર

આપણું એક બાળક ગેલ કરતું હશે.

બિલાડીના કાળાંધોળાં બચ્ચાં સાથે

રાત્રે

ચંદ્ર એનું ચંદન રેલી છુપાઈ જશે વાદળપૂંઠે

અને

આંગણામાં ઉભેલો ગુલમહોર

સમીરને

આપણી વાતો કહેતાં કહેતાં લાલ થતો હશે.

# કોરું આકાશ

બે પગલાં પડ્યાં
ને આ ચંદ્ર
છાપું થઈને વેચાતો હોય એમ
કેટલો સસ્તો થઈ ગયો !

એમાં એક સસલું હતું
એ સસલું દિવસના અજવાળામાં
અજવાળું થઈને અલોપ થઈ ગયું !

હવે

ક્યા ચંદ્ર ભણી જોઈ

તને પત્ર લખું ?

# એટલે..

આકાશ એટલે
નિયત સમયે રોજ હાજર થવાની
ચાંદા અને સૂરજની ઑફીસ

આકાશ એટલે
જોડણીકોશમાં આપેલા પર્યાય
(ન.) ખાલી, શૂન્ય સ્થાન, આભ, ગગન, નભ, વ્યોમ

## જોઈએ છે

ભવોભવના ફેરામાંથી
મુક્તિ આપે
એવા પ્રભુની જરૂર નથી !

જોઈએ છે એક એવો પ્રભુ
જે
રેલવેના ટાઈમ ટેબલમાંથી મુક્તિ અપાવે,
ટ્રાફિકના સિગ્નલ પર દોડતી રક્તની ગતિને

અંકુશમાં રાખે

જમ્બોજેટમાં

સમયને ઘસડાઈ જતો અટકાવે

રેડિયો અને ટેલિવિઝનમાં મોકળાશ શોધતી

શૂન્યતાને ટપારે

સવારે

મૃત્યુના વાઘા પહેરીને

આવતા સમાચારોથી અળગો રાખે

અને જાહેર ખબરોમાં

મને સસ્તે મૂલે વેચાઈ જતો રોકે,

જોઈએ છે
એક એવો પ્રભુ...

## છતાંયે

પીંજરું ખુલ્લું
છતાંયે પંખી તો ઉડે નહીં !

જન્મી જગે

(કે જન્મને લેખે જ શું કમભાગ્ય એ ?)

એણે હશે જાણી નહીં

નિ:સીમ શ્યામલ આભની વિશાળતા.. !

કે પછી

એવું બન્યું :

સળિયામહીં રહીને ભૂલાયું ઉડ્ડયન નભ પારનું,

જંગલે

આભ અડતા વૃક્ષની ડાળો પરે

બાંધ્યો નહીં એણે કદી (સાથે મળી) માળો અરે ?

(કે જતાં જતાં
આખા દિવસનો થાક પણ ક્ષણમાં સરે)
પીંજરું ખુલ્લું
છતાંયે પંખી તો ઉડે નહીં
પાંખ શું -
પાંખનું પીછુંય પણ ફરકે નહીં -
ને શૂન્યમાં તાકી રહે બે આંખ..!

## બેકારના ????

હરિ,
તને લાચારીનો રોટલો પીરસવામાં આવે
તો તું શું કરે?
જમે - પાછો ઠેલે?

તને આમંત્રણ આપવામાં આવે
ને પછી
મોં સામે ફટાક કરી

બંધ કરવામાં આવે જો દ્વાર

તો

તારા નયન શું કરે?

ભભૂકી ઊઠે? - રડી પડે?

માર્ગમાં

નિર્દોષ ભાવે કોઈ સળગતો પ્રશ્ન પૂછી બેસે

'ક્યાં છો હમણાં?'

તો તું શું કહે? જમીન શોધે?

દસથી છ કામ પર ગયાનો ડોળ કરી
સાંજે પાછો ફરે ઘરે
અને રીટા ત્યારે પૂછે,
'પપ્પા શું લાવ્યા?'
ત્યારે
તું મૂઠ્ઠી ખોલે કે બંધ કરે?

રાત્રે પથારીમાં કણસતાં કણસતાં
પડખું બદલતાં
કોઈ ઘેનભર્યા સ્વરે પૂછે

'તમને ઉંઘ નથી આવતી?'
તો
તું સૂવાનો ઢોંગ કરે?

હરિ, તું શું કરે?

આ હું ?

હું ચામડીની ઉપર ચીટકી ગયેલું આંસુ.
હું ત્યાં ને ત્યાં જ ખોડાઈ ગયેલી અભિલાષા.

હું ફૂલોને જોતાં જોતાં જ સળગી ઉઠેલો અંગારો.
હું હવાને સ્પર્શ્યા વિના ભડથું થઈ ગયેલો ચિત્કાર.

હું ચકરાવો પૂરો કર્યા પહેલાં જ
ઘડિયાળમાંથી તૂટી પડેલો સમય.
હવે
હું પ્રેત થઈને
જ્યોતિષીઓનાં થોથાં બાળું છું.
હું વિધાતાનો ચોટલો ખેંચી
નગરના ચોક વચ્ચે ખડી કરું છું.

હવે

હું ગલીએ ગલીએ ભટકી

ઈશ્વર નામના બદમાશને શોધું છું.

જન્મ

સવારથી સાંજ પીળા કાગળો ઉપર

ટાઇપરાઇટરથી

ટક ટક કરવા માટે

મારા હાથે શું આ દસ આંગળીઓ

ઉગાડવામાં આવી હશે?

પેટ્રોલની વાસ ગળાને ભરડો લે એટલા માટે શું

મારે ફેફસાંમાં શ્વાસ પૂરવામાં આવ્યો હશે?

ભોં ભોં કરતા અધીરા જીવોનો લાવા સમો

ઉકળાટ સમાવવા

મને આ બે કાન આપવામાં આવ્યા હશે?

અંધા દેખતા નહીં હૈ? કહાં ચલતા હૈ?

ભરબપ્પોરે એ ગાળથી સડક પર સળગી જવા માટે

મારા ચહેરામાં ઉપરવાળાએ

બે આંખો મૂકી હશે?

ઝબકી ઝબકી રાત્રે બી ને જાગી જાઉં
એટલા માટે શું
મારા બિછાનાની આસપાસ ઝેરી સપનાંઓની જાળ
ગૂંથાતી હશે?
હું શું આને માટે આવ્યો હોઈશ?

## એક ન રખાયેલા ઉઠમણાની જાહેરખબર

એણે પ્રેમ કર્યો, પરણ્યો
એને પુત્ર થયો
ત્યાં સુધી એ ધબકતો હતો
બેંક કારકુનની એણે નોકરી સ્વીકારી
તે દિવસે
એનામાં રહેલા બાળકનું મૃત્યુ થયું.
એની સાદડી

સવારના સાતથી રાતના દસ સુધી
એના જ ઘરને સરનામે
ક્યારેય પણ…

## મૃત્યુ : એક કારકુનનું

હું જાઉં તો જગતમાં થોડોક ફરક પડશે
એવું અભિમાન હવે નથી રહ્યું
એક દિવસ

દુનિયાની કાયાપલટ કરવાની
હોંશ લઈ વાળેલી અક્કડ મુઠ્ઠી
દુનિયાદારીથી ભીંજાઈ હવે પોચી થઈ છે.
જે બસમાં હું રોજ મુસાફરી કરૂં છું એ
101 નંબરમાં
મારી બેઠક ખાલી નહીં રહે
ઑફિસમાં
ગોદરેજની ખાલી પડેલી ખુરશી માટે
ટાઁપીને બેઠેલો ક્લાર્ક
સાહેબની આજુબાજુ પૂંછડી પટપટાવશે.

કહેશે, 'મિસ્ટર શાહ ઘણા પરગજુ હતા.
પણ ભલા, એક ક્લાર્ક ખાતર
ઑફિસ બંધ થોડી જ રાખી શકાય છે ?'
બપોરે ટી ટાઈમમાં
ભટ્ટ ટેબલ ઉપર નજર ફેરવશે
હું નહીં હોઉં
ને
રજિસ્ટરમાંથી એ મારું નામ કાઢી નાખશે.

# પરિપક્વતા

હવે હું જીવનમાં બરોબર ગોઠવાઈ ગયો છું,

ડેલ કાર્નેગીએ સાચે જ સોનાની કૂંચી આપી દીધી છે.

આપોઆપ બધે ખૂલતાં જાય છે દ્વાર.

હા, કોઈ માંદું પડે તો તરત જ પહોંચી જાઉં છું પાસે

કોઈની વર્ષગાંઠ હોય તો ફૂલનો ગુચ્છો મોકલવાનું ભૂલતો નથી.

અને સારેમાઠે પ્રસંગે તાર કરવાનું પણ ચૂકતો નથી.

ઑફિસમાં બધાં હસતા ચહેરા નિર્દોષ જ હોય

એમ માનું એવો બાળક નથી રહ્યો હવે.

પ્રત્યેકની એક કિંમત હોય છે એ સત્ય

નસેનસમાં લોહીની જેમ વહી રહ્યું છે.

યાદ આવે છે :

પહેલી વાર સ્મશાને ગયો તે પછી

કેટલીય રાતો જંપીને સૂઈ ન'તો શક્યો

પણ હવે તો

મને નનામી બાંધતા પણ આવડી ગઈ છે.

# લૉટરી

ખિસ્સામાં સૂતેલી લાખ રૂપિયાની લૉટરીનું
ખૂલતું જાય છે આકાશ
વેગે પસાર થતા ફરફરતા સ્મિતની
સ્પર્શે છે લીલાશ.
ઊગતી જાય છે એક પછી એક
બંગલાઓની હાર.
આંગણામાં
મર્સીડીઝનાં દ્વાર ખોલી
ઊભો છે શોફર.

અંદરના ખંડમાંથી આવે છે

સિતારની રિયાઝના સૂર મુલાયમ.

બ્હાર

વાટ જોઈને બેઠેલા મુલાકાતીઓને

નાખુશ કરવા પડે છે સમયના અભાવે

હું

ભીતર પ્રવેશી

શ્વાસ લઉં છું મુક્તમને

આ થર્ડ ક્લાસના કમ્પાર્ટમેન્ટની ભીડમાં.

# નિરોધ

હું પણ ધક્કા મારી અંદર પ્રવેશું છું,
કોઈની નજર મને આવકારતી નથી
બધા મને એક પળમાં જાણે પામી લેવાનો
પ્રયત્ન કરે છે
હું હાંફળો ફાંફળો અહહીં તહીં નજર કરી લઉં છું.
કદાચ એક વેંત જેટલી પણ ખાલી જગ્યા મળે..
પણ

હું કોઈનો ગુરુ નથી

હું કોઈનો વૃદ્ધ પિતા નથી

હું કોઈનો નાનકડો પુત્ર પણ નથી

મને કોઈ બેસવા જગ્યા નહીં આપે

બધાં સંકોડાઈને તસોતસ બેઠાં છે

અનેક લોકો લાચાર થઈને પરસેવાથી

રેબઝેબ ઉભાં છે,

કેટલાંય સ્ટેશનોથી, કેટલાંય કલાકોથી

હું પણ ઉભો છું – સળગતો

મારી આંખની સામે સફેદ પતરા પર

એક લાલ ત્રિકોણ છે
અને હું પૂછું છું :
હિન્દુસ્તાન તારી દરેક ગાડીમાં
આટલી ભીડ શા માટે?

## એ લોકો અને હું

એ લોકોએ ઈસુને ખીલા ઠોકી ઠોકી માર્યો,
એ લોકોએ સૉક્રેટીસને ઝેર પાઇને માર્યો,
એ લોકોએ ગાંધીને ગોળીથી વીંધી નાંખ્યો.

પણ

એ લોકો મને નહીં મારી શકે.

કારણ

હું સાચું બોલવાનો આગ્રહ નથી રાખતો.

## ગાય

કાળી ધોળી રાતી ગાય – એમ

બાળકને જ્યારે જોડકણું શીખવતો હોઉં

ત્યારે વિચાર આવે છે

ગાયને જોયાને કેટલો સમય થયો હશે?

ગાય ફાઉન્ટનના રસ્તા પર કે
બીચકેન્ડી પર ફરતી નથી.
ગાયને જોઇ હતી કેટલાંક વરસો પહેલાં–
ગાયને જોઇ હતી કેટલાંક વરસો પહેલાં–
પાંજરાપોળમાં –
સુક્કી, રોગી, પાંચ પૈસાનું ધર્માદાનું ઘાસ ખાતી.
હા, કોઇક કોઇક વાર અચાનક
એકાદ ગાય – રડીખડી
કાલબાદેવીના સરિયામ રસ્તા પર
ટ્રાફિકને રોકીને બેસે છે
અથવા

ફૂટપાથ પર દોડી જતા માણસોની સાથે સાથે
ચાલવાની ચેષ્ટા કરે છે.
ત્યારે હું
એના પર ધીરેથી હાથ ફેરવી
આંખ ઉપર અડાડી લઉં છું
નાનો હતો ત્યારે મને શીખવવામાં આવ્યું હતું :
ગાય એ તો માતા કહેવાય.

# તૂટી પડેલા મકાનને જોઈને

આખી રાત
જળની મુશળધાર
પવનનો હઠીલો વેગ.
જીર્ણ થઇ ગયેલા મકાનને
કાળનો છેલ્લો પ્રહાર !
ઉપર નીચેના હવે કોઇ નથી ભેદ.
ભીંત વિનાના સાવ ખુલ્લા પડયા છે ખંડ.
પહેલે માળે
ડોશીમાની પૂજા, રુદ્રાક્ષની માળા ને કનૈયાનું હાસ્ય

કાટમાળની હેઠળ દટાઇ ગયાં છે
વૃદ્ધનાં શેષ વર્ષ,
તૈયાર છે ઓફિસ જવાનો સૂટ અને ટાઇ,
પણે છતી થઇ છે જેઇમ્સ બૉન્ડની બેગ.
ત્રીજે માળેથી
ગબડી પડી છે કંકુની શીશી જેવી સૌભાગ્યવતી,
ખૂણામાં પડેલા પારણાને
પવન ઝુલાવી કોને પોઢાડે છે?
હવે અષાઢની વહેલી સવારે
બીજે માળે તો
ચૂપ થઈ ગયેલા ઘડીયાળના ફાટી ગયા છે ડોળા.

# 1-2-71 ના ‘ટાઈમ’માં ફોટોગ્રાફ જોઈને

સારું છે કે

માતાઓ મોરચા પર નથી આવી શક્તી

અને

મેં જે સગી આંખે જોયું છે એ

જોયું જ ન હોત તો કેટલું સારું !

સૈનિકના હાથમાં

જાણે કે એની સનાતન વિજયપતાકા હોય, એમ -

બાળકનું માથું !

હે પ્રભુ !

શું બાળકની નાની ખોપરીમાં જ છુપાયું છે

એમના વિજયનું રહસ્ય ?

એમને કદીય ખ્યાલ હશે ખરો

કે એક બાળકની આંખો

બીજા બાળક જેવી જ નિર્દોષ હોય છે ?

એક નિગ્રો બાળકનું સ્મિત રંગમાં ક્યારેય કાળું હોતું નથી.

મંદિર અને મસ્જિદના ભેદ ખુદાને કે બાળકને નથી હોતા.

થાય છે :

મારા આંસુઓથી આ ઘોર પાતકને ધોઈ શકું

અને મેં જોયેલું દ્રશ્ય હું ભૂલી શકું !

પણ
યુદ્ધ જાહેર કરતા પહેલાં
કોઈને કંઈ પણ
થોડું જ પૂછવામાં આવે છે ?

## (એ) કરાર

યુદ્ધ પૂરું થયું છે
છતાંય

દશને સુમારે રોજ

આ સાઈરન અચૂક

ચીસ પાડી શહેરની આંખમાં

ખંજર ભોંકી દે છે

યાદ કરાવે છે

કે કદાચ કોઈ યુદ્ધ...

કદાચ કોઈ પણ યુદ્ધ ક્યારેય

પૂરું નથી થતું

અને હું

ઑફિસના મસ્ટર રોલમાં

મારા નામની સામે

સહી કરું છું...

## મારા 131 નંબરના ફ્લેટમાંથી

એકાએક રાતના બારને સુમારે
સ્ત્રીઓના આક્રંદથી
અમારા નેપિયન સી રોડના એપાર્ટમેન્ટની શાંતિ
થોડીક ભાનમાં આવે છે
પણ એમાં ભળેલી ભાષા સમજી શકાતી નથી.
નીચે કોઈ ગુજરી ગયું હોય એમ લાગે છે.

છઠ્ઠે માળે હોઈ શકે, આઠમે માળે પણ હોઈ શકે !
ચોથા માળવાળા મિ. શાહ રાત્રે દસ વાગ્યે તો મારી સાથે લિફ્ટમાં હતા.
એમની જોડે તો ઠીક ઠીક સંબંધ પણ છે.
કશી આપત્તિ હોય તો જણાવ્યા વગર તો રહે નહીં !
ત્રીજે માળે મિ. ઘોષ રહે છે, બહુ અકડુ છે
લિફ્ટમાં સાથે થઈ જાય તો પણ
લિફ્ટના બંધ દરવાજાની જેમ
એના હોઠ સખત જ રહે !
પહેલે માળે કપૂર સાહેબ રહે છે –
પંજાબના છે ને !
અલમસ્ત અને અલ્લડ

પણ ઉંમર તો નાની કહેવાય

પણ હવે મૃત્યુ અને વયને

ક્યાં કશો સંબંધ રહ્યો છે ?

બાજુવાળા મહાલિંગમને જગાડું ?

ભલા માણસ છે !

નાહક આ કસમયે એની ઉંઘ બગાડવી ઠીક નહીં લાગે !

ઑફિસમાં ખૂબ કામ પહોંચે છે,

પહેલા જેવી દોડાદોડી પણ થતી નથી.

ઉંઘની પણ ખૂબ જરૂર છે.

અને આમેય થોડા સમયમાં શું ફરક પડવાનો છે?

આવતીકાલે સવારે ઑફિસ જતાં જતાં ગુરખાને પૂછી લઈશું !

## સત્ય

હું ત્યારે ફરતો હતો આકાશમાં
મુક્ત મને
અને તું જોતી હતી સ્વપ્ન :
એક શિશુના ગુલાબી ગાલ ઉપર
વરસાવતી હતી તારું હેત.
નાની નાની કીકીઓમાં મુકતી હતી
તારા શૈશવના ગીત
વિચારતી હતી : કોણ હશે એ ?

સુજાતા કે સિદ્ધાર્થ ?
મોનાલી કે શિરીષ ?
કેવો હશે ? – પપ્પા જેવો
મમ્મી જેવો ?
ઉનના દોરા વડે
તું ગૂંથતી હતી કોનું નામ ?
એ દોડીને સંતાઈ જતો
ને તું
જાણે અચાનક મૂંઝાઈ જતી
ને બૂમ પાડતી : 'ક્યાં છે તું ?'
હું એ જ છું

એ જ, તારાં સ્વપ્નનો શિશુ.
તને ગભરાયેલી જોઈને દોડી આવ્યો
ને તારા હોઠ ઉપર
નામ થઈને છવાઈ ગયો.
તેં મને કેટલે દૂરથી બોલાવ્યો, માં?

## વિપર્યય

**પિતા જ્યારે હોતા નથી**
**અને મા વધારે વૃદ્ધ થતી જાય છે**

ત્યારે એની આંખમાંથી પ્રશ્ન ડોકાયા કરી છે :

'આ પુત્ર મને સાચવશે ખરો ?'

પણ એ પ્રશ્ન શબ્દ બનીને હોઠ ઉપર નથી આવતો.

આ એ જ મા

જેણે મને ફૂલની જેમ સાચવ્યો,

જે મારાં પગલાં પાછળ પાછળ અધ્ધર ટીંગાઈ રહેતી -

હું મોટો થઈને ટટ્ટાર ઊભો રહ્યો ત્યાં સુધી,

આ એ જ મા

જે મીઠાં હાલરડાંના ઘેનમાં મને ડુબાવી પછી જ સૂતી.

આજે એ ઊંઘમાંથી ઝબકી ઝબકીને જગી ઊઠે છે -

પણ બોલતી નથી.

એના ધ્રૂજતા હાથમાંથી વારેવારે એક શંકા છટકી જાય છે
કે દીકરાનો હાથ એને દગો દેશે તો ?
હું એને ટેકો આપી શકે એવું કશું જ કહી નથી શકતો.
ફક્ત
મને મારા હાથ
કાપી નાખવાનું મન થાય છે.

## ત્યારથી

પીંજરામાં ગાતાં ગાતાં પંખીએ

એક દિવસ
આકાશને જોયું
અને ત્યારથી
એના દુ:ખની શરૂઆત થઈ.

## હાઈકુ

મંદિર બાર
ભિક્ષુક, ભીતર હું;
ફર્ક આટલો ?

## પ્રાર્થના

માગવાનું કહે છે તો માગી રહું છું આ, પ્રભુ !
દઈ દે મન એવું કે માગે એક અશુંયે નહીં !

## થતે કેવું સારું ?

થતે કેવું સારું અગર મનને હોત પગ તો...
કદી તો થાકીને ભટકી ભટકી જાત અટકી.

## -  તો

હું ચોર હોઉં
તો
બુદ્ધના નયનમાંથી ચૂપકીથી
શાંતિ ચોરીને
ભાગી જાઉં.

## કદાચ

મને મેવાડમાં મીરાં મળી નહીં.
મને વૃંદાવનમાં રાધા મળી નહીં
પણ કદાચ
એમાં મારો પણ દોષ હોય
મેં મુંબઈ છોડ્યું જ ન હોય !

# અગ્નિદાહ

એક દિવસ
મેં માણસો વિશેના બધાં વિશેષણો ભેગાં કર્યાં -
'અ' દંભી છે, બોલે છે કશું, કરે છે કશું,
'હ' ઢોંગી છે,
'ક' કંજૂસ છે, મુઠ્ઠી ખોલતો જ નથી,
'ચ' ઉડાઉ છે, હાથમાં કશું ટકતું જ નથી,
'પ' દારૂડીયો છે, રાતદિવસ પીધા જ કરે છે,

‘ફ’ નો સ્વભાવ ફાટેલો છે, પોતાને શુંય સમજે છે,

‘ગ’ એક નંબરનો ગપોડી છે, એનું કહ્યું કશું માનવું નહીં,

‘બ’ બકરી જેવો છે, એવા નરમ થઈએ તો જિંદગીમાં કેમ ચાલે?

આ ‘કખગ’ બધા જ મારા મિત્રો, સ્નેહી.

કોઈ અહીં રહે છે, કોઈ દૂર,

બધાને ઘરેથી, ખૂણેખાંચરેથી એમનાં વિશેષણો લઈ આવ્યો :

દંભી, ઢોંગી, જુઠ્ઠો, ગપોડી...

બધાં વિશેષણો પર ભારોભાર ઘાસ નાખ્યું

- ઉપર પેટ્રોલ

અને આગ લગાવી

પછી મેં મારા વિશેષણોના લાકડાં અંદર નાંખ્યાં :

વિવેકી, સમજુ, સાચ્ચાબોલો, ચોક્કસ, સંવેદનશીલ -
શું ભડકા નીકળ્યા છે અંધારી રાતમાં !

## હવે

મળ્યાં તોય શું ?
નહીં મળ્યાં તોય શું ?
આજ તો આ આંખને સમજાવી લીધી એક વાર,
સ્વપ્નો હવે જો નહીં ફળ્યાં તોય શું ?
અહીં સ્મૃતિના ક્યાંય પણ રે સળ નથી,
ચરણો હવે માની ગયા છે :

ઘર જેવું કોઈ સુંદર સ્થળ નથી.
સાંજ આ સંબંધની એવી પડી
તેજ સૂરજનાં ઢળ્યાં તોય શું ?
નામ સાંભળતાં કશું નહીં થાય : હવે એ દંતકથા,
ફૂલમાં દેખાય નહીં ચહેરો : નથી એની વ્યથા
કોયલતણો અહીં ક્યાંય પણ ટહુકો નથી,
વન હવે સળગ્યાં ન સળગ્યાં તોય શું ?
મળ્યાં તોય શું ?
ન મળ્યાં તોય શું ?

# પૂછી બેસું છું

તો પછી આપણે સાચવી સાચવીને વાતો કરીએ.

હું તમને દુ:ખ ન પહોંચાડું

તમે મને દુ:ખ ન પહોંચાડો

શબ્દો જોખી જોખીને વાપરીએ

ક્યાંક કોઈને કશું વાગી ન જાય !

કાચનું વાસણ હાથમાંથી છટકી ન જાય.

હું કહું છું, 'આકાશ આજે કેટલું ઘેરાયેલું છે !'

તમે કહો, 'સૂરજ ક્યારનો દેખાતો નથી.'

વાત ખંચકાય છે, શબ્દો ખોડંગાય છે,

મારાથી આ લંગડી રમાતી નથી,
આ દોર હું આગળ લંબાવી નથી શક્તો.
હું પૂછી બેસું છું, ‘આ આકાશ આમ ને આમ
ક્યાં સુધી ઘેરાયેલું રહેશે ?’

## હાથમાં નથી

રીટા, તને પત્ર લખું છું,
‘તું પાછી આવ
તારા વિના હવે ગમતું નથી.’

આ લખતા જાણે હાથ
પાછા અટકી જાય છે
હું જાણું છું -
તારે પણ લખવું છે :
‘મારે આવવું છે
મને બોલાવી લે.’
પણ
હાથને પણ અભિમાન હોય છે, રીટા !

લાચાર

આજે અજાણતાં જ વરસો પછી
આંગળીઓ તમારા ટેલિફોનનો નંબર ફેરવી બેઠી,
મને અભિમાન હતું -
તમને સ્પર્શતી બધી જ વસ્તુઓને હું ખંખેરી શક્યો છું
મને ખ્યાલ નહીં
આ ટેલીફોનનો નંબર હજી પણ વળગી રહ્યો હશે
મારાં ટેરવાંઓને.

## ગ્રીષ્મનો મધ્યાહ્ન

આ સૂર્ય નાહકનો મારા પર ગુસ્સે થયો છે
મેં તો તેને કોઈ કારણ આપ્યું નથી
હજી વ્હેલી સવારે તો
કેટલા પ્રેમથી માની જેમ મારી આંખો ઉપર
કિરણોનું જળ છાંટી
મને જગાડ્યો હતો
અને તે પછી
શિશુ થઈને વૃક્ષોની વચ્ચે
મારી સાથે કેવી ગજબની
સંતાકૂકડી રમ્યો હતો !

ગુસ્સે થયો તો ભલે
એનાથી થોડો સમય દૂર રહેવું સારું.
હું ઘરમાં ચાલી જઈશ, એકલો બેસીશ.
સાંજ સુધીમાં તો એની મેળે એ સૌમ્ય થઈ જશે.
મને પાછો બોલાવશે.

# ત્યારે પણ

બેડરૂમમાં
આગ લાગી હોય ત્યારે પણ
તું
સવારે
તુલસીના ક્યારામાં
જળ સીંચે...

## જાણું છું

રવિવારનું છાપું હાથમાં આવે કે તરત
પહેલાં જોઈ લઉં છું :
ધનુરાશિ માટે આવતું સપ્તાહ શું શું લાવે છે?
જાણું છું, થોડાક વારોનાં નામની
આમતેમ ફેરબદલી હશે !
ગયા અઠવાડિયે ગુરુ તો
આ અઠવાડિયે શુક્રવાર શુભ હશે.
'તા 19મીએ અચાનક
ધનલાભનો યોગ સારો છે.'

છેલ્લાં ત્રણ વરસથી આ વાંચી વાંચીને જ
લૉટરી લેતો આવ્યો છું,
આપેલી તારીખોમાંથી એકે ફળી નથી.
છતાં એકાદ chance  આવી પણ જાય !
કહે છે : કોઈ મધુર સમાગમનો આ અઠવાડિયે યોગ છે
હસવું આવે છે -
બે છોકરાંનો બાપ અને માથે ટાલ,
અને હવે આકર્ષણ – પરિચય !
તોપણ સારૂં લાગે છે.
થોડાંક સ્વપ્નો... જુઠ્ઠાં હોય તો પણ !

લખે છે : ‘તમારા ઉપર ઘેરાયેલાં વાદળ વીખરાતા જશે.’

જાણું છું :

આકાશમાં કોઈ પણ વાદળ

હંમેશ માટે ક્યારેય ટકતું નથી.

છતાં જુઠ્ઠા વાક્યોનો વરતારો પણ

થોડોક આધાર તો આપે જ છે !

શનિવારની સાંજે અઠવાડિયાનું

સરવૈયું કાઢતાં ક્રોધથી બોલી પડાય છે :

’સાલાઓ તદ્દન જુઠ્ઠા છે..

એક શબ્દ પણ સાચો પડતો નથી.’

છતાં

આવતા રવિવારે વ્હેલી સવારે
મારી નજર સૌ પ્રથમ
આ જ પાના ઉપર બિલાડીની જેમ તૂટી પડશે -
એ પણ જાણું છું !

## ક્યાં હશે

સુખ, નદીના આ તટ ઉપર
બેસી રહી
જળને વહી જતું જોવામાં ?

કે

ધસમસતા જળમાં આંખ મીંચીને ડૂબકી મારવામાં ?

કે

જળના પ્રવાહ ઉપર ફૂલ થઈને વહી જવામાં ?

કે પછી

સુખ હશે નદીના સામેના તટ ઉપર ?

## વાસના

એવું શું કરી શકાય
કે છાપાની કૉલમમાં આપણું નામ છપાય ?
અકસ્માત ?
છટ – જાહેર રસ્તા પર એવું છૂંદાઈ જવું કોણ પસંદ કરે.
એમાં વળી જો પાકીટ ઊપડી ગયું તો લખશે :
'લાશ નધણિયાતી હતી' !

ચોરી ? તો સાલું સળિયાની પાછળ વરસો સુધી ગોંધાઈ રહેવું પડે !

ખૂન કરીએ ? – તો આપણું નામ એક દિવસ માટે દોરડે લટકે !

'Tik 20' પીવાના નિષ્ફળ પ્રયત્ન કેટલી વાર કરી શકાય?

અને પડોશીની વિધવાને શહેરની બહાર ભગાડી તો જઈ શકાય -

પણ કેટલી વાર ?

પરદેશ જઈએ તો એક વાર

પાછા આવીએ તે  બીજી વાર 1 બસ ?

મૃત્યુની નોંધ જીવનમાં છપાય એક વાર,

ને પછી પુણ્યતિથિએ સ્વજનો ફોટા સાથે યાદ કરે

બહુ બહુ તો બેત્રણ વરસ.

પણ આપણને તો વાંચવા પણ ન મળે.

Times ના ટાઈપ નાના, આપણું નામ જડે પણ નહીં,

Local છાપાંઓનું એક સુખ

ટાઈપ મોટા ને ફોટા પણ છાપે !

પણ વહેલી સવારનું છાપું દસ વાગ્યે તો વાસી પણ થઈ જાય !

એવું શું કરીએ

કે રોજ સવારે છાપામાં આપણું નામ આ નેતાઓની જેમ

ઝગમગ ઝગમગ ચળક્યા જ કરે ? !

**ક્રાન્તિ**

અમે કૉફી હાઉસમાં ચાર મિત્રો બેઠા હતા,
એકે સહેજ સાકર વધારે મગાવી,
બેરર કહે, ‘સા’બ, ચીની જ્યાદા નહિં મિલેગી,
દામ દેતે ભી કહાં મિલતી હૈ ?’
એટલે એ તૂટી પડ્યો, કહે :
’આ દેશમાં શું મળે છે ? ધૂળ ?
સાકર નથી, પાણી નથી, દૂધ નથી, પાઉં નથી, ઘઉં નથી.
આ સરકાર જ નાલાયક છે,
એ લોકોને આપણે ઉખેડી નાખવા જોઈએ.’

બીજો કહે, ‘મારા હાથમાં કોઈ મશીન-ગન આપે તો
આ વારે તહેવારે ભાષણો પીરસતા મિનિસ્ટરોને લાઈનમાં ઉભા રાખી
સનન સનન વીંધી નાખું.’

ત્રીજો કહે, ‘ના, એ લોકોને એમ મારી નહીં નાખવા જોઈએ.
એ સાલાઓને તો નિર્વસ્ત્ર કરી, ગધેડા પર ઉંધા બેસાડી
ગલીએ ગલીએ મૂંગા માઈક આપી ફેરવવા જોઈએ.’

એક જણ કહે, ‘ના ના, સફેદ કપડામાં અક્કડ ચાલતા એ સુફિયાણા સંતોને
9-05ની વિરાર ફાસ્ટમાં એક વરસ સુધી રોજ સવારે
મુસાફરી કરાવવી જોઈએ, એ સજા કદાચ પૂરતી થશે.

એટલામાં ઘડિયાળના કાંટાથી દાઝી ગયો હોય એમ
એક જણ સફાળો કૂદી ઉઠ્યો :
‘અરે ! બે વાગી ગયા, ઊટઃઓ ઊઠો
પાંચ મિનિટ પણ મોડું થશે તો
ઑફિસમાં પેલો બૉસ કૂતરાની જેમ ઘૂરકવા માંડશે.’

ને અમે ચાર ઊભી પૂંછડીએ
ઑફિસ ભણી ભાગ્યા.

* * * * * * * * * * * * * * *

## અક્ષરનાદ ઈ-પુસ્તક વિભાગ

અક્ષરનાદ.કોમ

# ઈ-પુસ્તક ડાઉનલોડ વિભાગ

અનેક ઈ-પુસ્તકો, એક ક્લિકે ડાઉનલોડ